# લાભપંચમીએ કામકાજના પ્રથમ દિવસે કચ્છ જિલ્લાની અછત પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી

## વિજયભાઈ રૂપાણીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી કચ્છ કલેક્ટર-જિલ્લા વહિવટીતંત્ર પાસેથી ચિતાર મેળવ્યો

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દિપાવલી-નૂતન વર્ષના તહેવારોની રજાઓ બાદ આજે સરકારી કચેરીઓના કામકાજના પ્રથમ દિવસનો પ્રારંભ અછતગ્રસ્ત વહીવટીતંત્રના અધિકારીઓ સાથે જિલ્લાની તલસ્પર્શી અછત રાહત સમીક્ષા હાથ ધરી હતી.

મુખ્યમંત્રીએ અછતગ્રસ્ત કચ્છ જિલ્લામાં પશુધન માટે ૪ ફાળવણી વલસાડ જિલ્લામાંથી કરવામાં આવી છે.

દિપાવલીના દિવસો દરમિયાન પશુપાલકોને ઘાસચારો પૂરતી માત્રામાં મળી રહે તે માટે ગૌશાળાઓને કુલ ૩૮.૩૪ લાખ કિ.ગ્રા. ઘાસ વિતરણ સાથે અત્યાર સુધીમાં કચ્છ જિલ્લામાં સમગ્રતયા ૨ કરોડ ૪૮ લાખ કિ.ગ્રા. ઘાસનું વિતરણ થયું છે.

કચ્છ કલેક્ટરે મુખ્યમંત્રીને જિલ્લાની ગૌશાળા-પાંજરાપોળની વિગતો આપતા કહ્યું કે રાજ્ય સરકાર દ્વારા ૧ ઓક્ટોબરથી પશુદિઠ રૂ. ૨૫ની સબસિડી આપવામાં આવે છે. આ અન્વયે અત્યાર સુધીમાં ૬ કરોડ ૩૪ લાખ રૂપિયાની રકમ જિલ્લાની ગૌશાળા-પાંજરાપોળને આપવામાં આવી છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે આગામી દિવસોમાં તેઓ સ્વયં કચ્છની મુલાકાત લઈને અછતની સ્થિતિને પહોચી વળવા માટે જિલ્લા તંત્રની સજ્જતાની સમીક્ષા કરશે. લાભપંચમીથી રાજ્યની જિલ્લા કલેક્ટર કચેરીઓમાં બિન ખેતી-એનએ પ્રક્રિયા ઓનલાઈન કરવાના થયેલા પ્રારંભ સંદર્ભમાં કચ્છ જિલ્લામાં આ માટે સોફ્ટવેર અપડેશન તેમજ અન્ય તકનિકી કામગીરીની પણ સમીક્ષા હાથ ધરી હતી. વિજયભાઈ રૂપાણીએ સમગ્ર કચ્છ જિલ્લાના વહિવટીતંત્રના અધિકારીઓને જનસેવાથી રાષ્ટ્ર-રાજ્ય સેવા માટે શુભેચ્છાઓ પણ નૂતન વર્ષ નિમિત્તે પાઠવી હતી.




કચ્છ જિલ્લાની ઘાસચારા, પાણી પૂરવઠા તથા અન્ય કાર્યોની સર્વગ્રાહી સમીક્ષાથી કર્યો હતો.

વિજયભાઈ રૂપાણીએ લાભપંચમીના શુભદિને વહેલી સવારે આદ્યશક્તિ અંબાજીના દર્શન-પૂજન કરીને ગાંધીનગર પરત આવ્યા બાદ મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી વિડીયો કોન્ફરન્સ દ્વારા કચ્છ જિલ્લાના કલેક્ટર અને રેલવે રેક તેમજ ટ્રકો દ્વારા સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વલસાડથી ઘાસચારો આવેલો છે તે પશુઓને-પશુપાલકોને પૂરતા પ્રમાણમાં મળી રહે છે તેની વિગતો જિલ્લા કલેક્ટર પાસેથી મેળવી હતી.

કચ્છ જિલ્લા કલેક્ટરે મુખ્યમંત્રીને આ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે અછતગ્રસ્ત કચ્છ માટે ૧ કરોડ કિ.ગ્રા. ઘાસની ત્રણ દિવસ સુધી અંદાજે ૨૪ લાખ કિલો ઘાસ ૧૦ તાલુકાના ૨૦૪ ઘાસ ડેપો પર ઉપલબ્ધ બનાવવામાં આવ્યું હતું. સમગ્રતયા કચ્છ જિલ્લામાં ફાળવાયેલ ૩ કરોડ કિ.ગ્રા. ઘાસમાંથી ૧૧ નવેમ્બર-૨૦૧૮ સુધીમાં જિલ્લાતંત્ર દ્વારા ૨ કરોડ ૮ લાખ ૩૪ હજાર કિ.ગ્રા. ઘાસનો ઉપાડ કરવામાં આવ્યો છે. ઓક્ટોબર સુધીમાં પાંજરાપોળ-

## કેન્દ્રીય મંત્રી અનંતકુમારના નિધન પર શોક વ્યક્ત કરતા રાજ્યપાલ

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ કેન્દ્રીય સંસદીય મંત્રી અનંતકુમારના નિધન અંગે ઊંડા દુ:ખ અને શોકની લાગણી વ્યક્ત કરી છે.

રાજ્યપાલશ્રીએ એક શોક સંદેશમાં જણાવ્યું છે કે સ્વર્ગસ્થ અનંતકુમાર કુશળ સાંસદ, પ્રશાસક અને પ્રતિભાશાળી રાજનીતિજ્ઞ હતા. તેમણે સંસદીય મંત્રી તરીકે યશસ્વી કામગીરી કરી હતી.

ઈશ્વર દિવંગતના આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરે અને તેમના પરિવારજનોને આ અસહનીય દુ:ખ સહન કરવાની શક્તિ આપે, તેવી રાજ્યપાલીએ પ્રાર્થના કરી છે.

## સાંસદ અનંતકુમારના નિધન અંગે મુખ્યમંત્રીએ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી

ગાંધીનગર, તા. ૧૨

કર્ણાટકના વરિષ્ઠ સાંસદ અનંતકુમારના નિધન અંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઘેરા દુ:ખની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું કે અનંતકુમારના નિધનથી પક્ષને અને કર્ણાટક રાજ્યને ન પુરી શકાય તેવી બહુ મોટી ખોટ પડી છે.



## મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અંબાજી ખાતે માતાજીના દર્શન કર્યા

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભક્તિભાવપૂર્વક આદ્યશક્તિ મા અંબેના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. મુખ્યમંત્રીએ સવારની આરતીમાં બેસીને માતાજીના દર્શન કરવાનો લ્હાવો લીધો હતો. મિડીયા સાથે મુલાકાતમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે પ્રજાની સુખ સમૃધ્ધિમાં વધારો થાય અને ગુજરાત વિશ્વકક્ષાએ મોડેલ સ્ટેટ બને તે માટે માતાજીને પ્રાર્થના કરી છે. તેમણે કહ્યું કે આગામી લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જેવુ સમર્થ નેતૃત્વ દેશને ફરીથી મળે, દેશમાં જંગી બહુમતીથી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિજય થાય અને ભારત શક્તિશાળી, સમૃધ્ધ રાષ્ટ્ર બને તે માટે માતાજીને પ્રાર્થના કરી છે. મુખ્યમંત્રીએ ભક્તિભાવપૂર્વક અંબાજી મંદિરના શિખર ઉપર ધજા ચઢાવી હતી. આ પ્રસંગે શ્રીમતી અંજલિબહેન રૂપાણી, જિલ્લા વિકાસ અધિકારી બી.એ. શાહ, રેન્જ આઈ.જી. ડી.બી. વાઘેલા, નિવાસી અધિક કલેકટર એલ.બી. બાંભણીયા, વહીવટદાર એસ.જે. ચાવડા, અગ્રણીઓ સર્વ સુરેશભાઈ શુક્લ, બકુલેશભાઈ શુક્લ, સુનિલભાઈ બ્રહ્મભટ્ટ, વિજયભાઈ દેસાઈ સહિત સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# આજે રાજ્યભરમાં છઠની પૂજા યોજાશે

## સાબરમતીના તટે ઇન્દિરાબ્રિજ - હાંસોલ પાસે વિશિષ્ઠ ઘાટનું લોકાર્પણ મુખ્યમંત્રીના હસ્તે યોજાશે

અમદાવાદ શહેર અને રાજ્યમાં આજે છઠ પર્વની ઉજવણી કરવામાં આવશે. જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ૧૧ કરોડના ખર્ચે નવનિર્મિત છ ઘાટનો સાબરમતી તટે મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી મંગળવાર, તા. ૧૨મી નવેમ્બરે અમદાવાદમાં છઠ્ઠ સાંસ્કૃતિક મહાપર્વ-૨૦૧૮માં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. અમદાવાદમાં ઈન્દિરા બ્રિજ—હાંસોલ પાસે સાબરમતી નદીના તટે છઠ ઘાટ ખાતે આવતીકાલે સાંજે ૫-૦૦ વાગ્યે આ મહાપર્વની ઉજવણી થવાની છે. મુખ્યમંત્રી આ અવસરે પ્રવાસન વિભાગના ૧૧ કરોડની ફાળવણી સાથે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા નિર્માણ પામેલા ૩૦૦ મીટરના છઠ ઘાટનો લોકાર્પણ કરશે. ગુજરાતમાં વસતા બિહાર રાજ્ય તેમજ ઝારખંડ અને પૂર્વીય ઉત્તર પ્રદેશના નાગરિકો-પરિવારો આ છઠ મહાપર્વની પરંપરાગત ઉજવણી સાથે મળીને કરે છે. મુખ્યમંત્રી પ્રતિ વર્ષની જેમ જ આ વર્ષે પણ આ છઠ મહાપર્વની ઉજવણીમાં સહભાગી થવાના છે.




ગાંધીનગર નજીક આવેલ ચિલોડા સ્થિત ક્રિષ્ના હોસ્પિટલ દ્વારા ડાયાબિટીસ અંગે નાગરીકોમાં જાગૃતિ ફેલાય તે માટે આજે સવારના સુમારે ખાસ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિલોડાવાસીઓ મોટીસંખ્યામાં આ રેલીમાં જોડાયા હતા. ડો. એમ.ડી.ઝાલાએ આ રેલીનું આયોજન કરી નાગરીકોને ડાયાબિટીસ અંગે સવિસ્તાર માહિતી પુરી પાડી હતી.

# મોકાએ ગાંધીનગરમાં પોતાનું પ્રથમ કાફે લોન્ચ કર્યું

ગાંધીનગર, તા. ૧૨

મોકા બ્રાન્ડ સ્વાદિષ્ટ વાનગીઓ અને નવીનતમ ડ્રિંક્સનો પર્યાય છે જેણે પડોશના પોશ એવા ગાંધીનગર શહેરમાં તેની ૧૫મી આઉટપોસ્ટનો પ્રારંભ કર્યો છે. આ ઈમ્પ્રેસારિયો એન્ટરટેનમેન્ટ એન્ડ હોસ્પિટાલિટી પ્રા.લિ. (આઈઈએચપીએલ) દ્વારા એવોર્ડ વિજેતા આ બ્રાન્ડે ગાંધીનગરમાં પોતાની કામગીરી શરૂ કરી છે.

મોકાને ગાંધીનગર ખાતે લાવનારા દેવઋષિ અને શિવ પટેલે રિયાજ અમલાણી સાથે જણાવ્યું હતું, ‘અમે ૨૦૧૫માં બોડકદેવ ખાતેથી મોકાની સફર શરૂ કરી હતી અને ૩ થી વધુ વર્ષમાં અમદાવાદના લોકોએ અમે વધુ શાખાઓ શરૂ કરીએ એ માટે પ્રેરિત કર્યા હતા. અમે ગાંધીનગરમાં પણ મોકાની બ્રાન્ચ શરૂ કરવા માટે વિનંતીઓ પ્રાપ્ત કરી હતી. સીજી રોડ અમદાવાદ ખાતે મોકાના પ્રારંભ પછી આ માંગ વધી હતી અને આખરે અમે ગાંધીનગર પહોંચ્યા છીએ. અહીં હવે અમે માનવંતા ગ્રાહકોને સેવા આપીશું. અમે ગાંધીનગરમાં વ્યૂહાત્મક રીતે શહેરની મધ્યમાં સ્થિત છીએ અને અહીં અમે મોકાની નવી સફરનો રોમાંચ અનુભવી રહ્યા છીએ.

મોકા એક સબ્જેક્ટિવ ટાઈમિંગ કાફે છે જે વહેલી સવારથી બપોરના લંચ અને સાંજની મુલાકાતો માટે મોકાનું સ્થળ છે. નિયમિત એવા ડાઈનિંગ ઉપરાંત વિશેષ અનુભવ અહીં મળે છે. દેશભરમાં ગ્રાહકોને સર્વ કરનાર મોકા હવે ગાંધીનગરમાં પણ ઉપલબ્ધ છે. મોકા હંમેશા કન્સેપ્ટમાં અગ્રણી રહે છે જે સિમાચિહ્ન સ્થાપે છે અને તે દરરોજ લિઝરનો નવો માર્ગ પ્રસ્તુત કરે છે. આવો, સમયને થંભી જવા દો અને મોકામાં તમારી ચિંતાઓને પાછળ છોડીને પ્રવેશો અને મોકાનો જાદુ જુઓ.






લાડોલ ખાતે આવેલ હરસિધ્ધી શકિત પીઠ ખાતે ધનતેરસથી લાભ પાંચમ સુધી એક લાખથી વધુ ભકતોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. નૂતન વર્ષના દિવસે સોલંકી સમાજના ભાઈઓ દ્વારા ધજા અર્પણ કરવામાં આવી હતી, જયારે ચોથના દિવસે પરમાર વંશના રાજપૂત સમાજના ભાઈઓ દ્વારા ૧૦૧ કિલો સુખડીનો પ્રસાદ માતાજીને વાજતે-ગાજતે ધરાવવામાં આવ્યો હતો. નવચંડી યજ્ઞથી મંદિરનું વાતાવરણ ધાર્મિકમય બની ગયું હતું. જયારે ગુજરાતનું ત્રીજુ સુવર્ણમય મંદિર નિહાળવા માટે ભકતોનું ઘોડાપુર લાડોલ ખાતે ઉમટ્યું હતું. માતાજીના દર્શનાર્થે આવતા તમામ ભકતોને મહંત અશ્વિનભાઈ જાની અને ટ્રસ્ટી મંડળ દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં લાખો ભકતોએ ભોજન પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી તેમ આચાર્ય વિશ્વાસ ભાઈ જાનીએ જણાવ્યું હતું.

# ગાંધીનગરના અગ્રણી સર્જક પ્રવીણ ગઢવીના પુસ્તક ‘સંશય’નું લોકાર્પણ યોજાયું

ગાંધીનગર, તા. ૧૨

રેશનલ સમાજ-ગાંધીનગરના ઉપક્રમે નિસર્ગ સાયન્સ સેન્ટર, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે કાળીચૌદશના કહેવાતા અશુભ દિને, જાણીતા દલિત કવિ-સર્જક-રેશનાલિસ્ટ પ્રવીણ ગઢવીના રેશનલ કવિતા અને વાર્તાઓના સંચય ‘સંશય’નું લોકાર્પણ જાણીતા ધારાશાસ્ત્રી અશ્વિનકુમાર કારીઆના અધ્યક્ષસ્થાને રેશનલ સમાજ ગાંધીનગરના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના હસ્તે થવા પામ્યું હતું.

રેશનલ ચિંતક ડંકેશ ઓઝા, કર્મશીલ મનીષી જાનીના મુખ્ય મહેમાન પદે તથા ‘ચાર્વાક’ નવલકથાના સર્જક કલ્પેશ પટેલ તથા દલિત કર્મશીલ-પત્રકાર ચંદુભાઈ મહેરિયાના અતિથિ વિશેષ પદે ‘ચાર્વાક’ના જન્મદિને આ વિશિષ્ઠ લોકાર્પણ કાર્યક્રમમાં બહુ મોટી સંખ્યાના રેશનલ વિચારધારાના સર્જકો-ભાવકો સૌ ઉપસ્થિત રહ્યા હતા.

રેશનલ સમાજ-ગાંધીનગરના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ આવકાર પ્રવચનમાં રેશનલ કવિતા-વાર્તા સંગ્રહ ‘સંશય’ના રચયિતા અને સાચા રેશનાલિસ્ટ સર્જક પ્રવીણ ગઢવી સાથેના પોતાના સંસ્મરણોને વાગોળીને, ગુજરાતમાં સૌ પ્રથમ રેશનલ કવિતા-વાર્તા આપવાની સર્જક તરીકે પ્રવીણ ગઢવીને બીરદાવી આવકાર્યા હતા.

રેશનાલિસ્ટ પ્રવૃતિને આવકારવા સાથે જાણીતા દલિત ચિંતક, પત્રકાર-લેખક ચંદુભાઈ મહેરિયાએ સવાલ કરવાનું પણ ન ચુક્યા કે, શા માટે વર્ણવ્યવસ્થા અને જાતિભેદને નિવારવા આપણા રેશનાલિસ્ટો પૂર્ણ પ્રતિબદ્ધતાથી આગળ નથી આવતા?

અગ્રણી રેશનલ ચિંતક ડંકેશ ઓઝાએ પણ આપણા તમામ ધર્મોમાં કોઈને કોઈ પ્રકારે અંધશ્રદ્ધા અને કુરિવાજો વત્તે ઓછે અંશે છે જ, તોય શા માટે હિન્દુ ધર્મ સિવાયના ધર્મોના આવા આવા દુષણો સામે આપણે ખુલીને વાત નથી કરતા? એવો સવાલ ઉઠાવીને કહ્યું કે, આજે ધોધમાર ગતિએ અંધશ્રદ્ધાનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે આજના આ કાર્યક્રમ જેવી પ્રવૃત્તિઓ સમાજ વ્યવસ્થાને બેલેન્સ કરકવાનું કામ કરે છે. ખુદ રેશનાલિસ્ટ હોવાની સાથે પ્રવીણ ગઢવી એક સર્જક પણ છે, તેથી તેમની સામેની પરિસ્થિતિને તે સરળતાથી જોઈ શકે છે અને તે તેમનો વિષય છે, એમ જણાવી કવિ પ્રવીણ ગઢવીના સર્જન ‘સંશય’ને આવકાર્યુ હતુ.



એ એફ એસ ઈન્ડીયા ગાંધીનગરના સ્વંય સેવકોએ દિવાળીના દિવસે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવીને દિવાળીના તહેવારની સૌ કોઈને શુભેચ્છાઓ પાઠવી હતી. બેટી બચાવો ના ભાવને આદર્શ માની વિશ્વ શાંતિ માટેની પ્રાર્થનાના ભાવ સાથે એએફએસના સ્વંયસેવકોએ સુંદર રંગોળી કરી આસોપાલવના તોરણ બાંધ્યા હતા. ત્યારબાદ ગણપતિબાપાની પૂજા કરી સૌ દર્દીઓના સ્વાસ્થય માટે પ્રાર્થના કરી હતી. સિવિલના તમામ વોર્ડમાં જઈને દર્દીઓને ફ્રુટ તેમજ બિસ્કીટનું વિતરણ કરી શુભ કામના પાઠવી હતી.

# મહેસાણા જિલ્લામાં વડનગર ખાતે દ્વિ-દિવસીય તાના-રીરી મહોત્સવ યોજાશે

## ૧૭ અને ૧૮ નવેમ્બરે વડનગર ખાતે મહોત્સવની ઉજવણી કરાશે

મહેસાણા, તા. ૧૨

મહેસાણા જિલ્લામાં વડનગર તાના-રીરી સમાધિ સ્થળ ખાતે દર વર્ષે તાના-રીરી મહોત્સવ યોજવામાં આવે છે. વડનગરની બે નાગર બહેનોની યાદમાં રાજ્ય સરકાર દ્વારા કલા અને સાંસ્કૃતિ વારસો જાળવી રાખવાનું કામ તાના-રીરી મહોત્સવ દ્વારા થઈ રહ્યું છે. તાનસેનને દીપક રાગનું ગાન કર્યુ જેનાથી તેના શરીરમાં અગ્નજવાળાઓ ઉઠી અને મેઘ મલ્હાર રાગ ગાઈ તાના-રીરી બહેનોએ શાંત કરી હતી. આ બાબતની જાણ થતાં અકબર બાદશાહે બે બહેનોને દીલ્હી દરબારમાં બોલાવ્યા પરંતુ બે બહેનો ત્યાં ન જતા વડનગર ખાતે જાતે અગ્નિસ્નાન કર્યું હતું. બે બેહનોની યાદમાં રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે તાના-રીરી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. તાના-રીરી મહોત્સવ દર વર્ષે કારતક સુદ નોમના દિવસે ઉજવવામાં આવે છે. આ વર્ષે ૧૭ અને ૧૮ નવેમ્બરે ઉજવતા મહોત્સવમાં મુખ્યમંત્રી સહિત નાયબ મુખ્યમંત્રી અને અન્ય મહાનુંભાવો ઉપસ્થિત રહેનાર છે. વર્ષ ૨૦૧૦થી તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ આપવાની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવાની શરૂઆત કરાઈ હતી. આ વર્ષે પણ વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૮નો તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ આપવામાં આવશે. આ એવોર્ડમાં રૂ. ૫ લાખની રાશી, તામ્રપત્ર અને શાલ એનાયત કરવામાં આવે છે.

પ્રથમ વર્ષે ૨૦૧૦-૨૦૧૧માં સંયુકત રીતે સંગીત બેલડી લતા અને ઉષા મંગેશકરને, બીજા વર્ષે ૨૦૧૧-૨૦૧૨માં પદ્મભૂષણ ગિરીજાદેવીને, ૨૦૧૨-૨૦૧૩માં કિશોરી અમોનકર, ૨૦૧૩-૨૦૧૪માં સુશ્રી બેગમ પરવીન સુલતાના, ૨૦૧૪-૨૦૧૫માં સુશ્રી સ્વર યોગીની ડો. પ્રભા અત્રે, ૨૦૧૬-૨૦૧૭ માં શ્રીમતી વિદુષી મંજુબહેન મહેતા અમદાવાદ અને ડો શ્રીમતી લલીત જે રાવન મહેતા બેંગ્લોરને અર્પણ કરાયો હતો.

મહેસાણા જિલ્લામાં વડનગર શહેરની તાનારીરી સમાધિ સ્થળ ખાતે ૧૭ અને ૧૮ નવેમ્બરના રોજ સાંજે ૭-૩૦ કલાકે તાના-રીરી મહોત્સવ યોજવામાં આવનાર છે.

તાના-રીરી મહોત્સવમાં પ્રથમ દિવસે ૧૭ નવેમ્બરે શનિવારે કલાગુરૂ મહેશ્વરી નાગરાજન અને નૃત્ય કલા કેન્દ્ર અમદાવાદ દ્વારા પ્રાર્થના, નૃત્ય ભરત નાટયમ સમુહ કૃતિ રજુ થશે. તબલા તાલીમ સંસ્થા સપ્તક સ્કુલ ઓફ મ્યુઝિક અમદાવાદ દ્વારા સમૂહ તબલા વાદન, સિતાર સંતૂર, સમૂહ વાદનની કૃતિ રજુ કરાશે. સુશ્રી વિદુષી શ્રીમતી પિયુબેન સરખેલ સંગીતકાર રાજકોટ ગાયન રજુ કરાશે, પંડિત વિશ્વમોહન ભટ્ટ જયપુર, સલીલ ભટ્ટ અને હિમાંશુ મહેતા દ્વારા મોહનવિણા, સાત્વીકવિણા અને તબલા રજુ કરાશે. આ ઉપરાંત આ દિવસે સાયલી તલવાલકર મુંબઈ દ્વારા ગાયન રજુ કરાશે.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તાનારીરી સાંગપાંગ પુર્ણ થાય તે માટે વિશેષ તૈયારીઓ શરૂ કરી દીધેલ છે. તાના-રીરી મહોત્સવમાં ઉપસ્થિત રહેવા સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ, યુવા અને સાંસ્કૃતિ પ્રવૃતિઓના સચિવ વી.પી. પટેલ તેમજ મહેસાણા જિલ્લા કલેકટર એચ.કે. પટેલે જાહેર આમંત્રણ પાઠવેલ છે.

### મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૩૧ લાખથી વધારે મતદારો પૈકી ૭૦ ટકાથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા બહાર નિકળ્યા હતા. શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ મતદાનની ખાતરી કરવા માટે એક લાખ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. મહિલાઓ માટે ખાસ બુથ બનાવી દેવામાં આવ્યા હતા. સવારમાં જ કેટલાક બુથ પર લાંબી લાઈન લાગી હતી. છત્તીસગઢમાં છેલ્લા ૧૫ વર્ષથી નેતૃત્વ કરી રહેલા મુખ્યમંત્રી રમણસિંહ વાપસી કરવા માટે રાજનંદગાંવથી મેદાનમાં રહ્યા હતા. મતદાન બાદ તેમનું ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયું હતું. આ મતવિસ્તારમાંથી કોંગ્રેસે પણ કોઈ સમયે ભાજપમાં રહી ચુકેલા અરુણા શુક્લાને મેદાનમાં ઉતાર્યા છે. મતદાન બાદ બંનેના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા.

### ફગાવી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને આ અરજી દાખલ કરવામાં આવી હતી. સાથે સાથે પેન્ડિંગ અરજીઓને પાંચ જજની બેંચ સમક્ષ મોકલી દેવાની મુસ્લિમ પાર્ટીઓની અપીલને પણ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. બહુમતિ સાથે ચુકાદો આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે ૨૭મી સપ્ટેમ્બરના દિવસે પાંચ સભ્યોની બેંચના મસ્જિદમાં નમાઝ ઈસ્લામ માટે ફરજિયાત નહીં ગણાવવાના અગાઉના ચુકાદાને યોગ્ય ઠેરવીને આને મોટી બેંચને સોંપવાનો ઈન્કાર કરી દીધો હતો. મસ્જિદમાં નમાઝને લઈને સુપ્રીમ કોર્ટે મોટો ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે અયોધ્યા જમીન વિવાદ કેસને પાંચ જજની બેંચને સોંપવાનો સાફ શબ્દોમાં ઈન્કાર કરી દીધો હતો.

### રાફેલ ડીલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારે દસ્તાવેજોમાં એમ પણ કહ્યું છે કે, કેબિનેટ કમિટિ ઓન સિક્યુરિટી પાસેથી મંજુરી લીધા બાદ જ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ દસ્તાવેજોના ટાઈટલ ૩૬ વિમાન ખરીદવાના નિર્ણય લેવાની પ્રક્રિયામાં સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે કહ્યું છે કે, ઓફસેટ પાર્ટનરની પસંદગી કરવામાં સરકારની કોઈપણ ભૂમિકા રહી નથી. નિયમો મુજબ વિદેશી નિર્માતા કંપની કોઈપણ ભારતીય કંપનીને ઓફસેટ પાર્ટનર તરીકે પસંદ કરવા માટે સ્વતંત્ર હતી. યુપીએના સમય ગાળામાં ચાલી રહેલી સંરક્ષણ સાધનોની ખરીદી પ્રક્રિયા ૨૦૧૩નું પાલન કરવામાં આવ્યું છે. આમા એમ પણ કહેવામાં આવ્યું છે કે જ્યારે ભારતીય મંત્રણાકારો ચોથી ઓગસ્ટ ૨૦૧૬ના દિવસે રાફેલ જેટ સાથે જોડાયેલી માહિતી રજૂ કરી રહ્યા હતા ત્યારે નાણા અને કાયદાકીય મંત્રાલય દ્વારા પણ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સીસીએસે ૨૪મી ઓગસ્ટ ૨૦૧૬ના દિવસે મંજુરી આપી હતી. ત્યારબાદ ભારત અને ફ્રાંસ વચ્ચે ૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે સમજૂતિ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે ૩૧મી ઓક્ટોબરના આદેશ મુજબ કેન્દ્ર સરકારે અરજી કરનારાઓને દસ્તાવેજો ઉપલબ્ધ કરાવ્યા હતા. સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે, રાફેલ વિમાનની ખરીદી પ્રક્રિયાની વિસ્તૃત માહિતી સુપ્રીમ કોર્ટમાં આપવામાં આવે. સુપ્રીમ કોર્ટ આ મામલાની સુનાવણી હવે ૧૪મી નવેમ્બરના દિવસે હાથ ધરશે. સુપ્રીમ કોર્ટે રાફેલની કિંમતોના સંદર્ભમાં સરકાર પાસેથી માહિતી માંગી હતી.

### બોર્ડ મીટિંગ.... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂત્રોએ જણાવ્યું હતું કે આરબીઆઈની બૉર્ડ મીટિંગની કાર્યસૂચિ અગાઉથી જ નક્કી હોય છે અને તેના એજન્ડાને બેઠકના ઘણાં સમય પહેલાં મોકલવામાં આવે છે. આમ છતાં, બૉર્ડના સભ્યો મીટિંગમાં કાર્યસૂચિની બહારના મુદ્દા પણ ઉઠાવી શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સરકારના નોમિની ડિરેક્ટર્સ અને અમુક સ્વતંત્ર ડિરેક્ટર્સ આરબીઆઈના નાણાકીય માળખા સહિત વચગાળાના ડિવિડન્ડના મુદ્દા ઉઠાવી શકે છે.

### સીવીસી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દલીલો થઈ હતી. ડેપ્યુટી દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને લઈને હોબાળો થયો હતો. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં ત્રણ જજની બેંચ દ્વારા અગાઉ વર્માની અરજી ઉપર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આજે સીજેઆઈ અને જસ્ટિસ એસકે કૌલની બનેલી બે જજની બેંચ સમક્ષ મામલાની સુનાવણી થઈ હતી. આ સંદર્ભમાં નિર્ણય ઉપર તમામની નજર કેન્દ્રિત થયેલી છે. કેન્દ્ર અને સીવીસીને નોટિસ જારી કરવા ઉપરાંત સુપ્રીમ કોર્ટે ૨૬મી ઓક્ટોબરના દિવસે સીબીઆઈ ડિરેક્ટરની સામે પ્રાથમિક તપાસ પૂર્ણ કરવા સીવીસીને બે સપ્તાહની મહેતલ આપી હતી. કોર્ટે વર્મા સામે સીવીસીની ચાલી રહેલી તપાસ ઉપર નજર રાખવા સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ એકે પટનાયકની નિમણૂંક કરી હતી. સાથે સાથે આઈપીએસ અધિકારી નાગેશ્વર રાવને કોઈ મોટા નિર્ણયો ન કરવા સૂચના આપવામાં આવી હતી. નાગેશ્વર રાવને સીબીઆઈના વચગાળાના વડા નિમવામાં આવ્યા હતા.